

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ખતરા-અખતરાની લેબોરેટરી છે ગુજરાત,*
*અંધારામાં આપે કામ એવી ટોર્ચ છે ગુજરાત,*
*અનેક અમીચંદોને પણ પૂજે છે ગુજરાત,*
*વિરોધ-સત્યાગ્રહનો માર સહે છે ગુજરાત.*
*(પ્રધાનમંડળ સાફસૂફી)*

### હાઈકુ

*બતાવ્યો માર્ગ*
*શાંતિપૂર્ણ વિરોધ*
*સત્યાગ્રહનો*
*(પૂ. બાપુએ)*

*ચાલશે નહીં*
*સરમુખત્યારી થી*
*ભારત દેશ*

### ચિંતન

**અકામો ધીરો અમૃતઃ સ્વયંભૂઃ રસેન તૃપ્તો ન કૃતશ્ચનોનઃ ।**
**તમેવ વિદ્વાન ન વિભાય મૃત્યોરાત્માનં ધીરમજરં યુવાનમ્ ॥**

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

પરમાત્મા નિસ્વાર્થભાવથી ધૈર્યપૂર્વક પ્રાણીઓની સેવા કરે છે. જેઓ પરમાત્માના આ ગુણોને અનુસરે છે તેઓ નિર્ભય થઈને સદૈવ આનંદ મેળવે છે.

પરોપકાર ઈશ્વરનો એક મહાન ગુણ છે. આ ગુણને અપનાવીને આપણે પ્રભુ કૃપા પ્રાપ્ત કરી શકીએ છીએ. આ માનવ શરીર આપણને મળ્યું છે તેની સાર્થકતા પણ પરમાર્થમાં જ છે. જેનું મન પરહિતમાં લાગી જાય છે તેના માટે સંસારમાં કશુંય દુર્લભ રહેતું નથી.

જે શરીરથી ધર્મ ન થયો, યજ્ઞ ન થયો, અને પરોપકારનું કાર્ય ન થયું તે શરીરને ધિક્કાર છે. પરોપકારનું પ્રત્યેક કાર્ય સ્વર્ગ તરફનું એક પગલું છે. પરોપકાર ચારિત્ર્યની દિવ્યતાનું પ્રતિક છે.

### સુવિચાર

- જો ખોયા, ઉસકે લીયે રોયા નહીં કરતે, જો પા લીયા, ઉસે ખોયા નહીં કરતે, ઉનકે હી સિતારેં ચમકતે હૈ, જો મજબૂરીયોં કા રોના રોયા નહીં કરતે - **દિલખુશ રંગવાલા**
- પોતાની આદતો અનુસાર વર્તન કરવામાં એટલી ભૂલો નથી થતી કે જેટલી દુનિયાનું ધ્યાન રાખીને વર્તન કરવામાં આવે છે - **વિશાલ ઝાલા**
- અગવડતાઓ દુનિયાની શ્રેષ્ઠ પ્રેરણા છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કાશ.... દરેક વ્યક્તિ એટલો સમજદાર હોત... જેટલો એ પોતાને સમજે છે!! - **ઓશો**
- લોકો ત્યાં સુધી તમારી સાથે છે કે જ્યાં સુધી એમનો સ્વાર્થ તમારી સાથે જોડાયેલો હશે - **અમૃતબિંદુ**
- વ્યથિત મનનો અવાજ એ પ્રાર્થના નથી પણ મંદિરના ઘંટની કર્કશ ધ્વનિ છે - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : બે ચમચી એલોવેરા જ્યુસ સાથે બે ચમચી મધ મિક્સ કરી ત્રણ દિવસ સવાર-સાંજ પીવાથી શરદી મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ડૉ. મોતીબાઈ કાપડીયા ગુજરાતની પ્રથમ મહિલા ડૉકટર. તેમનો જન્મ ૧૮૬૭માં સુખી પારસી કુટુંબમાં મુંબઈમાં થયો હતો. તેઓ જાતિભેદ અને અસ્પૃશ્યતાના ભેદભાવ દુર કરવામાં અગ્રણી રહ્યા હતા. અમદાવાદના મિલ માલિક શ્રી રણછોડલાલ દ્વારા અમદાવાદની એક માત્ર ફક્ત મહિલાઓ માટેની હોસ્પિટલ વિકટોરિયા જયુબિલી હોસ્પિટલમાં અધિક્ષક તરીકે હતા ત્યારની વાત. વિકટોરિયા હોસ્પિટલમાં ૧૮૯૪માં સારવાર લેવા એક દલિત મહિલા આવી. તેનો રોગ ગંભીર જણાતા ડૉ. મોતીબાઈએ તેને દાખલ કરી. એ વોર્ડમાં બીજી ઉચ્ચ વર્ગની મહિલાઓ જે સારવાર માટે દાખલ થઈ હતી. તે મહિલાઓએ સખત વિરોધ નોંધાવ્યો. અને તે હોસ્પિટલ છોડીને જતી રહી. પણ ડૉ. મોતીબાઈ અડગ રહ્યા. તેમણે દલિત મહિલાની પૂરા દિલથી સારવાર કરી. પેલી મહિલાઓ હોસ્પિટલ છોડતી વખતે શ્રી રણછોડભાઈ શેઠને અને ડૉ. મોતીબાઈને ભરપેટ ગાળો આપી.અને ફરિયાદ કરી ને ડૉકટરને નોકરી છૂટી જવાની ધમકીઓ પણ આપી. ડૉ. મોતીબાઈ મક્કમ રહ્યા. તેમણે કહ્યું, ‘આ જાહેર હોસ્પિટલ છે. અને અમે અસ્પૃશ્યતાના સખત વિરોધી છીએ.’ તે સમયે અમદાવાદમાં મહિલાઓ માટે બીજી કોઈ હોસ્પિટલ ન હોવાથી આ બધી ઉચ્ચ વર્ગની મહિલાઓને ના છૂટકે બીજે દિવસે સારવાર ચાલુ રાખવા પાછા આવવું પડ્યું. તે દિવસથી ડો. મોતીબાઈ અને વિકટોરિયાની આબરૂ વધી ગઈ. ડૉ. મોતીબાઈની જ સલાહથી શ્રી રણછોડભાઈએ નર્સો માટેની શિક્ષણ સ્થાપના કરવાની શરૂઆત કરી દીધી.

# મઠાધીશની ‘આત્મહત્યા’ વણઉકેલ્યો કોયડો

**તંત્રીસ્થાનેથી...**

પ્રયાગરાજ સંગમ પાસેના ‘લેટે હનુમાન’ નેતાઓથી લઈ શ્રદ્ધાળુ સનાતનધર્મીઓ માટે આસ્થાનું પ્રતીક છે. આ તીર્થ સહિત બાંધબરી ગાદી મઠના મઠાધીશ અને અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગિરિએ એમની રૂમમાં ફાંસો લગાવી આત્મહત્યા કરી હોવાના સમાચારથી ઉત્તર પ્રદેશના રાજકારણથી લઈ સાધુસંતોની વિશાળ જમાતમાં ભૂકંપ આવી ગયો છે. મહંમત નરેન્દ્ર ગિરિ વર્તમાન સાધુસંતોમાં ભારે આદરણીય સંત તરીકે પ્રતિષ્ઠિત હતા અને પક્ષાતીત સંબંધો ધરાવતા હતા. અત્યારે ઉત્તરપ્રદેશમાં આગામી વિધાનસભાની ચૂંટણીનો પવન ફૂંકાઈ રહ્યો છે. ગોરખપીઠના મહંત યોગી આદિત્યનાથ દેશના સૌથી મોટા રાજયના મુખ્યમંત્રી નહીં બલકે હિંદુત્વના પ્રખર પ્રવક્તા તરીકે ભવિષ્યના વડાપ્રધાન પદના દાવેદાર પણ ગણાવા લાગ્યા છે. મહંત નરેન્દ્રગિરિની આત્મહત્યા એમની વિસ્તૃત સ્યુસાઈડ નોટના આધારે મઠમાં ચાલતી ગેરરીતીઓ અને એમના પોતાના જ વારસદાર ગણાતા આનંદગિરિ જેવા અનુયાયીઓ દ્વારા એમની થતી રહેતી બદનામીની ફલશ્રુતિ છે. મહંતે લખેલી ‘સ્યુસાઈડ નોટ’ અનેક રહસ્યો ઉજાગર કરી શકે છે. એ રહસ્યો પર ઢાંકપિછોડો કરવાની વરિષ્ઠ પોલીસ અધિકારીઓની દાનત પાછળ કોઈ રાજકીય હસ્તીઓનાં નામો પણ સામેલ હોવાની શંકા પ્રેરે છે. મહંત એક દિવસ અગાઉ જ એમના આશીર્વાદ લેવા ગયેલા ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યને મળ્યા હતા તે સૂચક છે. જો કે નાયબ મુખ્યમંત્રી એમના ઘણા સાથીઓની હાજરીમાં મળ્યા હોવાનો વીડિયો બહાર આવ્યો છે એટલે દેખીતું છે કે એ વખતે મહંતે એમની સાથે ઔપચારિક વાતો જ કરી હોય. પરંતુ માણસ અને એમાં પણ આખી જિંદગી આધ્યાત્મિક સ્તરે સમર્પિત કરી દેશની વિવિધ સંત પરંપરાઓનું સંકલન સાધતા રહેલા એક પ્રખર સાધુ મહાત્મા સંત પરંપરાઓનું સંકલન સાધતા રહેલા એક પ્રખર સાધુ મહાત્મા આવું આત્યંતિક પગલું ભરી પોતાની જિંદગી ટૂંપાવે તે ઘણી શંકાકુશંકાઓ જન્માવે છે. રામજન્મ ભૂમિ આંદોલનમાં પણ અખાડા પરિષદનો મહત્ત્વનો રોલ રહ્યો છે. એટલું જ નહીં, સંત-મહાત્માઓને અપાતા ‘મહામંડલેશ્વર’ના સન્માનમાં પણ એમનો જ અભિપ્રાય સૌથી વધુ વજનદાર ગણાતો હતો. એમને એમના જ ઉત્તરાધિકારી ગણાતા પ્રિય શિષ્ય આનંદગિરિ અને હનુમાન મંદિરના પૂજારીએ બદનામ કરવા માંડ્યા હતા. મઠની કરોડોની જમીન વેચીને મોજશોખ માણતા મહંત વિશે જાહેરમાં અભદ્ર ચર્ચા જગાડનાર આનંદગિરિને મઠમાંથી કાઢી મૂક્યા પછી પાછા પણ લઈ લેવાયા હતા. એટલે દાળમાં કશુંક કાળું હોવાનું તો દેખાય જ છે. ઉપર છલ્લી દષ્ટિએ આ આત્મહત્યાનો જ કિસ્સો છે. કારણ કે જે રૂમમાંથી એમની લાશ ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી છે તે અંદરથી બંધ કરેલી હતી. વળી સાથે એમના જ હસ્તાક્ષરોમાં લખેતી વિસ્તૃત વસિયતનામા જેવી સ્યુસાઈડ નોટ પણ પોલીસને પ્રાપ્ત થઈ છે. અનુયાયીઓ, નેતાઓ અને જનસાધારણને આવી ઘટનાથી સ્વાભાવિક રીતે જ ભારે ધક્કો પહોંચે. માણસ આત્મહત્યાનો, અંતિમવાદી રસ્તો કયારે અપનાવે છે? જયારે એની સહનશક્તિની છેલ્લી મર્યાદા વળોટીને પાણી માથા પરથી નીકળી જાય ત્યારે એ નાછૂટકે જીવનનો અંત આણી એ તમામ પીડાઓથી મુક્ત થવાનો માર્ગ સમજી આત્મઘાતી પગલું ભરવા મજબૂર બને છે. સંતો-મહંતો આત્મઘાતને સૌથી મોટું પાપ માને છે અનો ઉપદેશ આપી નિરાશ અનુયાયીઓને જિંદગી ભણી પાછા વાળે છે. ત્યારે આવી એક રાષ્ટ્રીય ઓળખ ધરાવતી ‘વિભૂતિ’એ આત્મહત્યાનો વિકલ્પ અપનાવ્યો તે ઘણું રહસ્યમય લાગે છે. એથી એ આત્મહત્યા નહીં પણ ‘હત્યા’ હોઈ શકે એવા તર્કવિતર્ક પણ થઈ રહ્યા છે અને સાધુસંતોના સમાજ દ્વારા એની સીબીઆઈ તપાસ પણ માગવામાં આવી છે. ઉત્તરપ્રદેશના રાજકારણમાં મહંત નરેન્દ્રગિરિની આવી અણધારી વિદાય નવાં પરિણામો ઉમેરશે એમાં શંકાને સ્થાન નથી.

# કંગના રણૌત : વિવાદ અને અભિનય ક્ષમતા





**મન-રંજન**
દ્વનિલ પારેખ

મધુર ભંડારકર દિગ્દર્શિત ફિલ્મ ‘ફેશન’ માટે પ્રિયંકા ચોપડાને શ્રેષ્ઠ અભિનેત્રીનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. આ ફિલ્મ માટે કંગના રનૌતનૈ સહ અભિનેત્રીનો રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો હતો. આ ફિલ્મ પ્રિયંકા ચોપડા કરતાં પણ કંગના રાનૌતના અભિયનના ઘણા વખાણ થાય હતા.એ પછી તો ક્વીન, તનુ વેડ્સ મનુ, તનુ વેડ્સ મનુ રિટર્નસ, પંગા, મણિકર્મિકા, સીમરન - ઘણી ફિલ્મો માટે કંગનાના અભિનયના મોંફાટ વખાણ થયા અને એકથી વધુ વખત રાષ્ટ્રીય પુરસ્કાર પણ એને મળ્યો.

અત્યારે કંગના રણૌત બે કારણોસર સતત ચર્ચામાં છે. દક્ષિણના રાજયોમાં રાજકારણ ક્ષેત્રે મોટું નામ ગણાતું જયલલિતાના જીવન પર આધારિત ફિલ્મ ‘થલાઈવી’ રજૂ થઈ છે. અભિનેત્રી અને પછી રાજકારણ ક્ષેત્રે પણ પોતાનો પ્રભાવ ઊભો કરનાર જયલલિતાનું સ્થાન ‘અમ્મા’ જેવું હતું. એ સ્થાન અને જયલલિતાની જે પર્સનાલિટી હતી એને ઊભી કરવા માટે કંગના રનૌતે ખાસ્સી મહેનત કરી હતી. આમ તો ફિલ્મ ‘પંગા’ માટે પણ એણે ખાસ્સી મહેનત કરી હતી. અભિનેત્રી તરીકે એ સક્ષમ છે એ બાબતે શંકા કરી શકાય એમ નથી. એકથી વધુ વખત એણે પોતાની ક્ષમતા પુરવાર કરી બતાવી છે, અને એ પણ એવું કહેવાય છે કે પણ ગોડફાધર વિના.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ગોડફાદર વિના ટકવું ખાસ કરીને અભિનેત્રીઓ માટે અઘરું હોય છે. અનેક પ્રકારની વાતો એ સંદર્ભે સાંભળવા મળતી હોય છે. કંગના રનૌત સંદર્ભે પણ ઘણા વિવાદો થયા છે અને એમાં એક વિવાદને કારણે એ ફરી ચર્ચામાં આવી ઓછે. ઋત્વિક રોશન સાથેના એના સંબંધોને લઈને ફરી વિવાદ થયો છે. કંગના જાણીતા લેખક, શાયર જાવેદ અખ્તર સાથે ફરિયાદ કરી હતી જાવેદ અખ્તરે ઋત્વિક રોશનના સંબંધ સંદર્ભે કંગનાને ધમકાવી હતી અને એની કારકિર્દી ખતમ થઈ જશે વગેરે વગેરે... આ વિવાદે ફરી માથું ઊંચક્યું છે.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ચાલતા આ વિવાદો પાછળનાં તથ્યો-સત્યોમાં ખરેખર સત્ય શું છે એ ભાગ્યે જ ખબર પડતી હોય છે. સુશાંતસિંહ રાજપૂત કે સિદ્ધાર્થ શુક્લના મૃત્યુના રહસ્યોનું સત્ય ખબર ન પડતી હોય ત્યાં કંગના - ઋત્વિક વચ્ચેના વિવાદનું સત્ય બહાર આવે, એની માત્ર કલ્પના જ કરવાની રહે ! કંગના રનૌત વચ્ચે એક પત્રકાર પરિષદમાં પત્રકાર સાથેના અણગમતા વ્યવહારને કારણે પણ વિવાદમાં રહી હતી. ‘મણિકર્ણિકા’ નું પ્રોડકશન એણે કર્યું હતું. અને પાછળથી ફિલ્મનું દિગ્દર્શન પણ એણે સંભાળ્યું હતું. ત્યારે પણ એના આપખુદ વ્યવહાર વિશે ચર્ચાઓ ચાલી હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રી ગોસિપથી ભરપૂર છે અને ગોસિપ વિના આ ઈન્ડસ્ટ્રીને ચાલી શકે એમ નથી. ગોસિપ આ ઈન્ડસ્ટ્રીનો શ્વાસોશ્વાસ છે. એ ગમેતે હશે પણ કંગના કંગના રનૌત એક પ્રતિભાશાળી અભિનેત્રી છે એનો સ્વીકાર તો કરવો પડે ! એ ગમે તે રાજકીય પક્ષને સમર્થન કરતી હોય કે ગમે તેટલા વિવાદો એની સાથે સંકલાયેલા હોય, એની અભિનય ક્ષમતાને સ્વીકાર કરવો રહ્યો !

# હું કણ નથી, રણ નથી છતાં ઊંબરે ઝૂલું બની ને તોરણ!



**જીવન ઉપવન**
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પર્યાવરણ - પ્રદૂષણ અને પ્રપંચથી દુનિયા ત્રસ્ત છે સવાર પડે ને આંખો ખુલે ત્યારે ઈશ્વરનું સ્મરણ ચોક્કસ કરવું જોઈએ પણ એવું થઈ શકતું નથી, જાગ્યા કે તરત જ ચિંતાના વાદળો આપણી સામે આવી જ જાય છે ખબર પડતી નથી કે હવે આ દુનિયા ખરેખર જીવવા યોગ્ય કયારે થશે ?! જો મન બધું જ સહજ રીતે સ્વીકારી લે તો બધે સુખ જ હોય શકે પરંતુ આ પ્રમાણે કદી મન સમજી લેતું નથી. બાલ્યાવસ્થાની મજા એટલે હોય છે કે કંઈ જ દુઃખદ તત્ત્વની જાણ ન હોતી નથી કે ભેદભાવ, સ્પર્ધા, રાગ-દ્વેશ કંઈ જ હોતું નથી અર્થાત્ કોરી પાટી જે લખો તે સ્પષ્ટ વાંચી શકાય - નિખાલસતાની છોળોથી બચપણ ભરપુર હોય છે સમય જતાં આ ઊંમર જતી રહે પછી વિષના બુંદ ઉમેરાતા જ જાય છે ! ડૉ. મુકુલ ચોકસી સરસ લખે છે.

**‘દોસ્ત, પહેલાના જમાનામાં તો એક જ મા હતી.**
**આજે શીખવા માટે જુદા જુદા ટિચર જોઈએ!’**

સમયની બલિહારી સાવ અનેરી છે એ માણસને દોડાવે, હસાવે યા રડાવે છે કારણ કે શક્તિનો એક પ્રકાર છે. વય વધે એટલે વૃદ્ધ થવું એ તેની સાબિતી છે મનથી યૌવનને જાળવી રાખનાર લોકો મુસિબતો સામે જરૂર લડી શકે છે છતાં કરચલીઓની ભેટ ઉંમર અચુક આપી જાય છે. આર્થિક અને શારીરિક રીતે સાનુકૂળતા ને સુખના સમય સાથે ગાઢ મૈત્રી હોય છે છતાં લોકો થાકી ગયા કરે છે કારણ સ્પષ્ટ છે કે મહત્ત્વાકાંક્ષાઓ બદલાતી જ રહે છે. ઉપરાંત અમર્યાદિત જરૂરિયાતો વ્યક્તિને જંપવા દેતી નથી.

‘નિરાંત અને નવરાશમાં ફરક છે
એક મનથી છે અને બીજી ક્ષણથી.’

વહેતા પ્રવાહમાં સ્નાન કરવું ગમે તેવું જ જીવન માટે સનાતન સત્ય છે કે વહેતા રહો અને આનંદિત રહો કારણ કે કર્મો કરવાથી વધુ કંઈ જ આપણા હાથમાં હોતું નથી સમય ને તેનું કામ કરવા દો તો જીવન હળવા પુષ્પ જેવું રહી શકે છે. માણસને જ્ઞાન અને માહિતી તો અઢળક છે પણ સયંમ નથી !

દુનિયાના વિવિધ દેશોમાં પણ વિવિધ પ્રકારની મુસિબતો છે જ તેમાં કટ્ટરતાનો ઉમેરો થઈ રહ્યો છે. જીવનને સુગંધિત કરે તેવા વિચારોનો દુષ્કાળ પડ્યો છે, કુદરતની અનુપમ સૃષ્ટિમાંથી ઘણું બધું શિખવા જેવું છે છતાં કોઈ કશું તેના પરત્વે જોવા પણ તૈયાર નથી એમ પણ કરુણતા છે. નાણા જ માત્ર સુખી કરી શકે તેવું આજના ૪૬% યુવાવર્ગની માન્યતા હાલનાં સર્વેક્ષણમાં બહાર આવ્યું !! નાણું એ દુઃખનું કારણ બને તેનાથી વધુ અનિષ્ટ ઘટના બીજી કોઈ નથી. પૈસાની જરૂરત અવશ્ય છે પરંતુ તેના માટે સંબંધોની હત્યા થાય કે વફાદારી તૂટે તો એ અજંપાને પેદા કરે છે. ઈશ્વર બધાને જરૂરત જેટલું અવશ્ય આપી જાય છે એ સ્વાર્થી લોકોને દેખાતું નથી અથવા હરિફાઈમાં જીવન જીવવા માટે એ જ ભૂલી જાય છે.

**‘મેં હી અપની ઈબાદત ખુદ કી કર લું**
**તો ક્યા બુરા હૈ**
**કિસી ફકીર સે સુના થા**
**મુઝ મેં ભી ખુદા રહતા હૈ.’**

ઈશ્વર ખુદનાં ખોળિયામાં વિરાજમાન છે જે જીવનનો મુળ આધાર છે એ પણ ભૂલી જવાય ત્યારે કઈ શ્રદ્ધા વ્યક્તિને નવી ઉર્જા આપી શકે ? માનસિક રીતે ।જના યુગનો સમાજ અતિ પીડિત છે પુષ્કળ કારણો પ્રવર્તે છે પણ તેમાં શાંતિ રાખીને માર્ગ શોધવાનું ડહાપણ તદ્દન લુપ્ત થઈ રહ્યું છે. ગુસ્સો, અપશબ્દો, મારામારી, હત્યા, અપમાન, ઘૃણા એ જાણે કે હવે કબજો જમાવી દીધો છે. કોરોનાકાળથી આ બધામાં વૃદ્ધિ થઈ છે. સરકાર બદલાઈ જવાથી સ્થિતિ પણ હળવી થાય તેવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય. આર્થિક મોરચે ઝડપભેર કંઈક પગલાઓ લેવામાં આવશે તો બધાના જીવનમાં જરૂર કંઈક શાંતિ ઊભી થશે, કારણ કે પૈસા સર્વસ્વ બની ચૂક્યો છે !! જે માણસ શાંત અને સજ્જન છે એને સમજવો અઘરો હોય છે અને ઉત્પાદ કરનારને શાંત કરવો એ અગ્નિકસોટી જેવું છે. તાળા ઉપર ભરોસો રાખનારને ઉપરવાળા ઉપર વિશ્વાસ નથી તેથી જ દુઃખ પેદા થાય છે.

હકારાત્મક અભિગમ ઊભો કરવા પ્રત્યેક નાગરિકનું જાગૃત થવું જરૂરી છે બીજું એક સરખા દિવસો કાયમ માટે રહેતા નથી. ત્રીજું ઈશ્વરની શક્તિ ઉપર શ્રદ્ધા રાખવી જ પડે.

હકારાત્મક અભિગમ ઊભો કરવા પ્રત્યેક નાગરિકનું જાગૃત થવું જરૂરી છે બીજું એક સરખા દિવસો કાયમ માટે રહેતા નથી. ત્રીજું ઈશ્વરની શક્તિ ઉપર શ્રદ્ધા રાખવી જ પડે ચોથું બધું જ સરકાર કરશે એ વિચારધારામાં ખામી પ્રવર્તે છે. પાંચમું કર્મ યોગ્ય રીતે યોગ્ય સમયે કરવા જોઈએ તો ફળ અવશ્ય મળશે. ઊંબરે તોરણ ઝૂલે છે એ આશાઓ ને વ્યક્ત કરે છે તથા બધાનું સ્મિત સહ સવાગત કરે છે એ આપણને દેખાતું નથી. રણમાંથી તોરણ પ્રગટી જ શકે છે કેમ કે આ જીવન ઉપવન છે. પ્રભુ બધાના જીવનમાં નવી ઊર્જા ભરે એ જ અભ્યર્થના. અસ્તુ !

**શેર આસ્વાદ :**
**સમય સમયની વાત છે સાહેબ**
**કાલે જે રંગ હતા આજે તો ડાઘ છે.**

# જીંદગી કા સફર



**રંગ અને વ્યંગ**
અનંત પટેલ

હમણાં થોડા દિવસ પહેલાં એકાંતમાં બેઠો હતો અને કોઈના મોબાઈલમાંથી ગીત સંભળાયું,

‘જીંદગીકા સફર,હૈ યે કૈસા સફર...
કોઇ સમજા નહિ, કોઇ જાના નહિ......’

સ્વ. કિશોરકુમાર દ્વારા ગવાયેલા એ ગીતમાં તો જીંદગીની ઉંચી ફિલસૂફીની વાત કરાયેલી છે.પણ અમે તો આ ગીત સંબંધનાં જૂદા જૂદા વ્યાવસાયિકો પોતાની જીંદગીની સફરને કેવીક ગણતા હશે તેની સહેજ કલ્પના કરવા લાગ્યા તો કંઈક આવું પ્રગટી આવ્યુ....

૧. કીરાણાના વહેપારી- જીંદગીની સફર ભાવતાલ કરવામાં, ઉધાર આપેલ વસૂલ કરવામાં જ પૂરી થઇ જાય છે...
૨. દરજી - કાપ કાપ કર્યામાં જ જીંદગી ય ક્યારે કપાઇ ગઇ ખબરે ય ના પડી...
૩. તેલના વહેપારી -‘ તેલ લેવા જા‘ આ રૂઢિ પ્રયોગ યાદ રાખીને આવતા ઘરાકોને તેલ આપવામાં જ જીવનની સફર પૂરી થઈ જાય છે.અમારાં છોકરાંને તેલ લેવા જા ને બદલે તેલ આપવા જા એવું જ શીખવાડવું પડે છે...
૪. ડોક્ટર - લોકોનું બ્લડપ્રેસર માપતાં માપતાં અમારી જીંદગીની સફરના ધબકારા પણ હાઈ અને લો થતા જ રહે છે..
૫. ખેડૂત - ભઇ આ જીંદગીની સફરને વધારે હમજીને અમારે હું કાંમ છ ? આ ભેંશોનું દૂધ કાઢ્યુ ને ખેતરમાં ટ્રેક્ટર ફેરવ્યું એટલે અમારે તો લીલા લેર, બીજુ કાંઇ ના જોઇએ હોં...
૬. પોલીસ કર્મી- લોકોને કંટ્રોલમાં રાખવાનો બંદોબસ્ત કરી કરીને એટલા બધા થાકી જવાય છે કે ઘરવાળાંએ અમારા માટે બંદોબસ્ત રાખવો પડે છે....
૭. ટીચર - ‘હોમવર્ક‘ આ શબ્દમાં જ જીદગીની સફર પૂરી થઇ જાય છે ...તમને થશે આવું કઇ રીતે બને ? તો જૂઓ, વર્ગમાં વિદ્યાર્થીઓને દરરોજ હોમવર્ક આપવું અને આપેલ હોમવર્ક ચેક કરવું પડે કે નહિ ??વળી અમારે પણ દરરોજ ભણાવવાનું હોવાથી ઘરેથી હોમવર્ક કરીને જ આવવું પડેને....!
૮. ડ્રાઈવર- રોડ ઉપર ધ્યાનસ્થ યોગીની જેમ આંખ રાખવી, સાઈડ ગ્લાસમાં પણ કતરાતી નજર રાખવી...ટૂંકમાં રોજની સફરમાં નજરને સીધી અને કતરાતી રાખવામાં જ જીદગીની સફર પૂરી....
૯. દારુડિયો- દારૂ પીવો એ ગુનો બને છે તેમ છતાં કેટલાક લોકો દારૂ ઢીંચીને જ જીંદગી પૂરી કરી દેતા જોવા મળે છે...
૧૦. અધિકારી-કર્મચારી- યેસ સર, નો સર, યેસ બોસ,... જી સર, જી જી સર, રાઈટ સર... આવા ઉચ્ચારણોમાં જ જીંદગી પૂરી.
૧૧. નર્તકી- નાચ મેરી બુલબુલ સાંભળવામાં જ જીંદગી પૂરી...
૧૨. ટપાલી- કભી ખુશી કભી ગમ વહેંચતાં જ જીંદગીની સફર પૂરી થવા આવી.

દરેકની જીંદગીમાં પ્રશ્નો, મુશ્કેલીઓ, સુખ-દુઃખ વગેરે આવતું જ હોય છે, તેમ છતાં દરેક જણ પોતાની જીંદગી મરી મરીને જીવવવાના બદલે ભરી ભરીને જીવવાનું રાખે તો જીંદગીની એ સફર માણવા જેવી જરૂર બને...

મો.૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com

# શીલા શ્યામના ચહેરા પર ચડેલ લાલચનું મ્હોરું ઉતરતું જોઈ સ્તબ્ધ રહી ગઈ



**નવાં કલેવર**
નટવર હેડાઉ

ઝરમરતા વરસાદમાં શીલા બસ સ્ટોપ પર ઊભી હતી. બે બસો આવીને પસાર થઈ ગઈ પણ ભીડ વધારે હોવાથી તે બસમાં ચડી શકી ન હતી. હવે છેલ્લી બસ આવવાની હતી. તેમાં ગમે તેમ કરીને ચડી જવું પડે. બસમાં ચડવાની ગડમથલમાં વરસાદમાં તે ભીંજાઈ ચૂકી હતી. ભીંજાયેલા વાળમાંતી મોતી બિંદુઓ જેવાં જળનાં ટીપા ટપટપ સરકી તેની રૂપાળી કાયા પર ફેલાઈ જઈ રહ્યા હતા. કપડાં પણ ભીંજાઈ ચૂક્યા હતા. આછી કુર્તિની આરપાર કાળા રંગની બ્રા અને તેના નીચે ભરાવદાર છાતીનો ઉભાર રસ્તાની સામે છેડે ઊભેલાં યુવાન ધ્યાનપૂર્વક જોઈ રહ્યા હતા. તે વાતની જાણ થતાં તેણે પોતાની ભીંજાયેલી ઓઢણીથી ઢાંકવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો. ત્યારે યુવાને પોતાના બાઈકની કીક મારી સ્ટાર્ટ કર્યું અને એકદમ તેની નજીક આવી તે ઊભો રહી ગયો.

‘ચાલ શીલું ક્યાં સુધી ભીંજાતી રહીશ હું તને મારા બાઈક પર ઘેર મુકી જાઉં.’

આમ કહેનારો યુવાન શ્યામ હતો. તે બંને વાતો કરતા હતાં ત્યાં બસ આવી પણ ઊભી ન રહી. હવે શીલાના માટે કોઈ વિકલ્પ ન હતો. તેમના વચ્ચે આમ મિત્રતા પાંગરી અને છેવટે તે પ્રેમમાં પરિણમી.

શ્યામ છેલબટાઉ હતો. કંઈ કમાતો ન હતો. પિતાના પેન્શનના પૈસે મોજ ઉડાવતો હતો. આ વાત શીલાને તેના માતાપિતાએ સમજાવી પણ તેણે કહ્યું કંઈ નહીં મારે તો સરકારી નોકરી છે જ ને, અમને વાંધો નહીં આવે.

છેવટે તે બંનેએ લવ મેરેજ કર્યા હતા. તેમના દિવસો બહુ સુખરુપ જતા હતા.

એક દિવસ શીલાએ સ્કૂલથી આવીને પર્સ ટેબલ પર મુક્યું. તેનો પતિ શ્યામ તેના માટે ચ્હા બનાવી લાવી ટ્રેમાં ચ્હાનો કપ અને પાણીનો ગ્લાસ લઈ બેઠક ખંડમાં આવ્યો.

તેણે સ્મિત સાથે ચ્હાનો કપ હાથમાં લેતાં ‘થેંક્સ’ કહ્યું. તે વખતે તે શ્યામની નજર તેના ગળા પર પડી. હાર ન જોઈને ગભરાઈને તે બોલ્યો.

‘અરે ! શીલું તારો હાર કયાં ?’

‘અહીં ડ્રોવરમાં....’

ચ્હાનો કપ ટોપીઈ પર મૂકતાં તે સહજ રીતે બોલી.

આવી મોંઘી ચીજ આમ તેમ ન મુકાય. ઘરેણાં સ્ત્રીને તેના મુશ્કેલીના સમયે કામ આવે છે.’ શ્યામે તેને સમજાવતા કહ્યું.

‘હું સરકારી નોકરીમાં છું આવા તો કેટલાય હાર ખરીદી શકું તેમ છું. આમ પણ એ હાર કંઈ સોનાનો નથી. સોનાનું પાણી ચડાવેલો છે.’ શીલા સાડી બદલતાં શ્યામ તરફ જોયા વગર સહજતાથી બોલી.

શ્યામને ગુસ્સો આવ્યો તેણે મોટેથી બુમ પાડી ‘શું કહ્યું ? નકલી હાર, અને તે પહેરી તું મારા ઘરમાં આવી ગઈ.

‘હાં, તો એમાં શું થયું, હાર મારો છે. હું અસલી હાર પહેરું કે નકલી’ તેણે હાર કબાટના ડ્રોઅરમાંથી કાઢી પહેરતાં કહ્યું.

‘દગો, ફરેલ આ મારી સાથે દગો થયો છે.’ તેણે ચીડાઈને ચીસ નાંખતા કહ્યું.

‘દગો, તમારી સાથે દગો કઈ રીતે થયો? હાર મારો છે. પહેરવાનો મારે છે. તેમાં તમારી સાથે દગો કઈ રીતે થયો ? શીલાએ જરા નારાજગીથી ઉત્તર આપ્યો.’

‘શીલા, ચૂપ રહો હું બીજું કંઈ સાંભળવા માંગતો નથી. બે પૈસા કમાવા લાગી એટલે પોતાની જાતને મહાન સમજવા લાગી છે. સાંભળ કાલ સવારે જ તારા બાપને ઘરે જતી રહેજે અને સોનાનો હાર લઈને જ પાછી આવજે સમજીને.’

શીલા શ્યામના ચહેરા પર ચડેલ લાલચનું મ્હોરું ઉતરતું જોઈ સ્તબ્ધ રહી ગઈ.